"ટેલેન્ટ પુલનું નિર્માણ" યોજના અંતર્ગત શાળાઓને ત્રણ વર્ષ માટે એમ્પેનલ કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૪/ન.બા.૧૭૫/અ૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૫/૦૬/૨૦૨૧

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૭/૦૮/૨૦૧૪નો સરખા ક્રમાંકનો ઠરાવ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૯/૦૨/૨૦૨૦નો સરખા ક્રમાંકનો ઠરાવ
(3) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીનો તા.૨૬/૦૫/૨૦૨૧નો પત્ર ક્રમાંકઃ વિજાક/શિક્ષણ/૨૧-૨૨/૧૨૩

આમુખ :-

વંચાણે લીધેલા ક્રમાંક(૧)ના ઠરાવથી વિચરતી અને વિમુક્ત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાના આવાસીય વિદ્યાલયમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ મળે તે માટે "ટેલેન્ટ પુલનું નિર્માણ" એ નામની યોજના વર્ષ ૨૦૧૪-૧૫થી અમલમાં મુકવામાં આવેલ છે, જે અંતર્ગત વિદ્યાર્થી દીઠ રૂ.૪૦,૦૦૦/-ની સહાય ચૂકવવામાં આવે છે. વંચાણે લીધા ક્રમાંક(૨)ના ઠરાવથી આ યોજના અંતર્ગત શાળાઓની પસંદગી કરવા માટે સમિતિની રચના કરવામાં આવેલ છે. આ યોજના અન્વયે ઉત્તમ કક્ષાની આવાસીય સુવિધાઓ ધરાવતી શાળાઓની પસંદગી કરવા માટે તા.૨૩/૧૦/૨૦૨૦ના રોજ બહોળી પ્રસિધ્ધિ ધરાવતા દૈનિક અખબારોમાં જાહેરાત આપી શાળાઓ પાસેથી દરખાસ્ત મંગાવેલ હતી. જેના અનુસંધાને ૧૫ શાળાઓ તરફથી દરખાસ્ત મળેલ છે. શાળા પસંદગી સમિતિની સમીક્ષા બેઠક તા.૧૧/૦૫/૨૦૨૧ના રોજ મળેલ હતી. જેમાં સમીક્ષાના અંતે ૧૫ શાળાઓ તરફથી મળેલ દરખાસ્તો પૈકી ૦૮ શાળાઓ પસંદ કરવામાં આવેલ છે. ઉક્ત પસંદ થયેલ શાળાઓની ત્રણ વર્ષ માટે એમ્પેનલ કરવાની મંજૂરી માટે વંચાણે લીધા ક્રમાંક (3) પરના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણએ દરખાસ્ત કરેલ. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાના "ટેલેન્ટ પુલનું નિર્માણ" યોજના અંતર્ગત શાળાઓ પાસેથી મળેલ દરખાસ્તમાંથી ૦૮ શાળાઓની પસંદગી કરવામાં આવી છે. આથી પસંદ કરાયેલ આ ૦૮ શાળાઓને "ટેલેન્ટ પુલનું નિર્માણ" યોજના અંતર્ગત ત્રણ વર્ષ માટે એમ્પેનલ કરવામાં આવે છે. આ શાળાઓ નીચે મુજબ છે.

(૧) સ્વ.પી.યુ.ચાવડા એજ્યુ. ટ્રસ્ટ સંચાલિત નાલંદા વિદ્યાલય શૈક્ષણિક સંકુલ, ભોરીગડા, અમરેલી

(૨) ગુજરાત બાળ વિકાસ મંડળ દ્વારા સંચાલિત ફ્યુચરલિંક સ્કુલ, મુ.ખરેડીવાવ, તા.જાંબુઘોડા, જિ. પંચમહાલ

(૩) ગુજરાત બાળ વિકાસ મંડળ દ્વારા સંચાલિત શ્રી જે.આર.દેસાઈ સ્કુલ, મોરા, મોરવા, જિ. પંચમહાલ

(૪) શ્રી નીલકંઠ એજ્યુકેશન એન્ડ સોસીયલ વેલફેર ટ્રસ્ટ, બાયડ, અરવલ્લી

(૫) બ્રમચારીશ્રી ભગવતી નંદજી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી બ્રહ્માનંદ વિદ્યા મંદિર, ચાપરડા, વિસાવદર

(૬) જ્ઞાન સંપ્રદાય કેળવણી ટ્રસ્ટ સંચાલિત સતકૈવલ વિદ્યામંદિર, સારસા

(૭) ચાણક્ય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ (તક્ષશિલા વિદ્યાલય), હળવદ, મોરબી

(૮) શ્રી સ્વામી વિવેકાનંદ એજ્યુ.એન્ડ વેલફેર ટ્રસ્ટ સંચાલિત નાલંદા વિદ્યાલય, પુણા ગામ, તા.ચોર્યાસી, સુરત.

આ શાળાઓએ આ વિભાગના તા.૦૭/૦૮/૨૦૧૪ તથા ૧૬/૧૨/૨૦૨૦ના સરખા ક્રમાંકના ઠરાવોની શરતો અને જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૦૨/૦૬/૨૦૨૧ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ.કે.પાઠક

(યુ.કે.પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, ગુજરાત રાજ્ય ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦-એ,ગાંધીનગર
- કમિશ્નરશ્રી, કમિશ્નર શાળાઓની કચેરી, ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ [નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત]
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) [નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત]
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ.